નવા કાર્યક્રમો હાથ ધરવાની સાથે ભાજપ કારોબારી પૂર્ણ

બેંગલોર,તા. ૪

ભાજપની રાષ્ટ્રીય કારોબારીની બે દિવસની બેઠક આજે અનેક નવા કાર્યક્રમો આગામી દિવસોમાં હાથ ધરવાની સાથે પરિપૂર્ણ થઈ હતી. કારોબારીની બેઠકમાં કેટલાક મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યા હતા જેના ભાગરુપે કોઈપણ મુદ્દા ઉપર આડેધડ નિવેદન કરનાર સભ્યો સામે પગલા લેવાની પણ વાત કરવામાં આવી છે. સાથે સાથે દેશભરમાં મોદી સરકારની કામગીરી સારી છે તે બાબતની નોંધ લેવામાં આવી હતી પરંતુ જમીન અધિગ્રહણના મુદ્દાઓ ઉપર ફેલાયેલી ગેરસમજને દૂર કરવા માટે દેશભરમાં આંદોલન પણ કરવામાં આવશે. ભાજપ કારોબારીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, હવે પરિવર્તન આવ્યું છે. પરિવર્તન માટે તમામ લોકો જવાબદાર છે. શિસ્તના મામલે વધુ કઠોર વલણ અપનાવવાનો સંકેત કારોબારીમાં આપવામાં આવ્યો હતો. દિલ્હી વિધાનસભાની ચૂંટણી, દેશમાં આર્થિક સ્થિતિ, બિહાર વિધાનસભાની ચૂંટણીના મુદ્દાઓ ઉપર પણ ચર્ચા કરવામાં આવી હતી. બિહાર વિધાનસભાની ચૂંટણીમાં મુખ્યમંત્રી પદના ઉમેદવારને પ્રોજેક્ટ નહીં કરવામાં આવે તેવી શક્યતા છે. અગાઉ બેઠકને સંબોધન કરવાનો પક્ષના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીએ ઈન્કાર કરી દેતા ભાજપના વર્તુળોમાં જોરદાર ચર્ચા રહી હતી. ભાજપની રચના થયા

બાદથી ઉપ વર્ષના ગાળામાં માત્ર બે વખત એવું થયું છે જ્યારે અડવાણીએ કારોબારીની બેઠકને સંબોધી નથી. પારંપરિકરીતે અડવાણી બેઠકમાં સમાપન ભાષણ ચોક્કસપણે આપે છે. વડાપ્રધાન મોદીએ અડવાણીએ ભાષણ આપવાનો ઈન્કાર કર્યા બાદ તેમની સાથે બેઠક કરી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ મોદીએ રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં અડવાણીના માર્ગદર્શનની પ્રશંસા કરી હતી. આ અગાઉ પક્ષ પ્રમુખ અમિત શાહે અડવાણીને ભાજપના બેંગ્લોર સંમેલનમાં સંબોધન કરવા માટે કહ્યું હતું પરંતુ અડવાણીએ અપીલને ફગાવી દીધી હતી. જો કે, અડવાણીના સંબોધન પર પહેલાથી જ શંકા હતી. સમાપન ભાષણ ઈન્કાર કર્યા બાદ આને લઈને પહેલાથી જ ચર્ચા હતી. ભાજપની ટોપ લીડરશીપ પહેલાથી જ આને લઈને વાકેફ હતી. ગયા વર્ષે અમિત શાહને ભાજપ પ્રમુખ બનાવવામાં આવ્યા બાદ પાર્ટીમાં મોટાપાયે સંગઠન ફેરફાર કરવામાં આવ્યા હતા. પક્ષના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી અને મુરલી મનોહર જોશીને પાર્લામેન્ટરી બોર્ડમાંથી દૂર કરી દેવામાં આવ્યા હતા. આ બંનેને માર્ગદર્શક મંડળમાં સામેલ કરવામાં આવ્યા હતા. આમા ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી પણ સામેલ છે જે લાંબા સમયથી બિમાર ચાલી રહ્યા છે. ૧૯૮૦માં ભાજપની રચના થયા બાદથી આ નેતા પાર્લામેન્ટરી બોર્ડના સભ્ય તરીકે હતા. પાર્ટીમાં સિનિયર નેતાઓ પ્રત્યે કઠોર વલણના કારણે હવે વાજપેયી-અડવાણી યુગનો અંત આવી ગયો છે. વિધાનસભા ચૂંટણીમાં રણનીતિને લઈને કોઈપણ સ્તરે આ મંડળ પાસેથી કોઈ માર્ગદર્શન લેવામાં આવ્યું ન હતું.દિલ્હી વિધાનસભાની ચૂંટણી વેળા કિરણ બેદીને મુખ્યમંત્રી તરીકે પ્રોજેક્ટ કરવામાં આવ્યા ત્યારે પણ તેનો કોઈ સંપર્ક કરવામાં આવ્યો ન હતો. જમ્મુ કાશ્મીરમાં પીડીપી સાથે ગઠબંધનને લઈને અડવાણીના અભિપ્રાય લેવાયા ન હતા. ભાજપના આ બંને પાસા નિષ્ફળ ગયા હતા. દિલ્હીમાં આમ આદમી પાર્ટીની સામે ભાજપની હાર થઈ હતી જ્યારે જમ્મુ કાશ્મીરમાં પીડીપી સામે ભાજપની કેટલાક મોરચે હાર થઈ હતી. ભાજપની લીડરશીપ અમિત શાહ અને મોદી ઉપર આધારિત થઈ ગઈ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્પષ્ટ આદેશ આપ્યો

સિગારેટ-બીડીના પેકેટ પર વોર્નિંગને દૂર નહીં જ કરાય

નવી દિલ્હી,તા. ૪

તમાકુ અને સિગારેટના પેક ઉપર કેન્સરની ચેતવણીવાળા ચિત્રોને લઈને સર્જાયેલા વિવાદમાં હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ દરમિયાનગીરી કરવા ઉતરી ગયા છે. મોદીએ આરોગ્ય મંત્રાલયને આદેશ કર્યો છે કે, સિગારેટ અને બીડીના પેકેટ ઉપર ચિત્રવાળી ચેતવણીને ૯૦ ટકા સુધી વધારી દેવામાં આવે. મોદીએ આરોગ્ય મંત્રાલયને આદેશ કર્યો છે કે, તેઓ આવી કોઈપણ વ્યક્તિની સલાહ ઉપર અમલ કરશે નહીં જેના હિતોમાં સંઘર્ષની સ્થિતિ સર્જાઈ જાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, તમાકૂ પેદાશના રેપર ઉપર ૮૫ ટકા હિસ્સામાં ચિત્ર સાથે ચેતવણી આપવાને લઈને દુવિધાભરી સ્થિતિ સર્જાઈ છે. આને લઈને જાહેરનામુ પણ કેન્દ્ર સરકાર દ્વારા જારી કરાયું હતું પરંતુ વિવાદ

થયા બાદ પહેલી એપ્રિલથી આને અમલી બનાવવાના નિયમમાં ફેરફારને લઈને દુવિધાભરી સ્થિતિ સર્જાઈ હતી. હકીકતમાં આ નિર્ણયને સ્થગિત કરવા માટેની ભલામણ કરવામાં આવી હતી. આ ભલામણ સંસદીય સમિતિ દ્વારા કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હવે તેમની પ્રતિક્રિયા આપતા આ વિવાદનો અંત આવે તેવી શક્યતા છે. સિગારેટ અને બીડીના પેકેટ ઉપરથી વોર્નિંગને દૂર કરવામાં આવશે નહીં. બીજી બાજુ શ્યામાચરણ ગુપ્તા પોતે તમાકુ વ્યવસાય સાથે જોડાયેલા છે અને બીડીના કિંગ પણ છે.

આ કમિટિ જે લોકોની બનેલી છે તેમાં સભ્ય તરીકે અલ્હાબાદના ભાજપ સાંસદ શ્યામાચરણ ગુપ્તા પણ છે જે પોતે તમાકુ ઉત્પાદન સાથે જોડાયેલા છે.

યાત્રી ટ્રેનમાં પિઝા હટ અને કેએફસી ભોજન ઉપલબ્ધ

નવીદિલ્હી,તા. ૪

ટ્રેનમાં હવે પીઝ હટ અને કેએફસીના ભોજનની મજા માણી શકાશે. રેલવે માટે ઈટિકિંટિંગ, કેટરિંગ અને ટ્યુરિઝમ માટે કામ સંભાળનાર આઈઆરસીટીસીએ ઈ કેટરિંગ માટે પિઝા હટ અને કેએફસીની અરજીને લીલીઝંડી આપી દીધી છે. આ વેન્ડર્સના ભોજન માટે યાત્રાની અવધિથી ૪૮ કલાક પહેલા આઈઆરસીટીસી વેબસાઈટના માધ્યમથી ઓર્ડર આપવા પડશે. ઓર્ડર બુક થઈ ગયા બાદ વેન્ડર્સ તરફથી કસ્ટમરના મોબાઈલ ફોન ઉપર એક પાસવર્ડ મોકલવામાં આવશે જેને ડિલિવરીના સમયે બતાવવાની જરૂર પડશે. ૧૨ સ્ટેશન આગરા છાવણી, અલવર, જયપુર, અંબાલા, જલંધન, મથુરા, મુઝફ્ફરનગર, નવી દિલ્હી, પઠાણકોટ, વાપી, ભરુચ અને વડોદરા ઉપર પિઝા ડિલિવરી કરવા માટે ફેબ્રુઆરીમાં આઈઆરસીટીસીએ દેશમાં ડોમિનોસ પિઝા બ્રાન્ડ ચલાવનાર કંપની સાથે સમજૂતિ કરી હતી. આઈઆરસીટીસીના ચેરમેન અને એમડી એકે મનોચાએ વાતચીતમાં કહ્યું છે કે, શરૂઆતમાં આ સર્વિસ એવી ટ્રેનોમાં ચાલુ થશે જેમાં પેન્ટ્રી કારની કોઈ વ્યવસ્થા નથી. મોડેથી આ સર્વિસને એવી ટ્રેનોમાં પણ શરૂ કરવામાં આવશે જેમાં પેન્ટ્રીકારની વ્યવસ્થા છે. રાજધાની અને ડ્યુરેન્ટોમાં પણ આને શરૂ કરાશે. પિઝા હટ અને કેએફસીના ભોજનની ડિલિવરી માટે અન્ય સ્થળોની ચકાસણી પણ કરવામાં આવી રહી છે. લાંબા અંતરની ટ્રેનોમાં આ પ્રકારની સિસ્ટમને ચાલુ કરવા માટે કેટલીક સમસ્યા રહેલી છે. સમસ્યા એ છે કે, ભોજનની કિંમત યાત્રીના ભાડામાં પહેલાથી જ સામેલ કરવામાં આવે છે. યોજના મુજબ ફુડ ચેઈન ઓનલાઈન આપવામાં આવેલા ભોજનના ઓર્ડરને સીધીરીતે ડિલિવર કરી શકે છે. અથવા તો ટ્રેનોમાં ડિલિવર કરવા માટે રેલવેના ફુડપ્લાઝા નેટવર્કનો ઉપયોગ કરવામાં આવી શકે છે.

સેમિફાઈનલમાં ચીનની લી જુઈરેઈ સામે હાર

મલેશિયન ઓપન : સાયના નેહવાલની આખરે હાર થઈ

ક્વાલાલમ્પુર,તા. ૪

ટુર્નામેન્ટમાં ત્રીજી ક્રમાંકિત ખેલાડી સાયના નેહવાલની ટોચની ખેલાડી અને ઓલિમ્પિક ચેમ્પિયન ચીનની લી જુઈરેઈ સામે હાર થઈ છે. સાયના નેહવાલે જોરદાર પડકાર ફેંક્યો હતો પરંતુ તેની હાર થઈ હતી. આ મેચ એક કલાક અને આઠ મિનિટ સુધી ચાલી હતી. સાયના નેહવાલની મલેશિયન ઓપન સુપર સિરિઝની સેમિફાઈનલમાં હાર થઈ છે. આની સાથે જ સાયના નેહવાલે નંબર વન ખેલાડી માટે રેંકિંગ પણ ગુમાવી દીધી છે. પ્રથમ ગેમમાં જીત મેળવી હોવા છતાં તેની હાર થઈ હતી. દુનિયામાં ત્રીજી ક્રમાંકિત ખેલાડીની સામે સાયના નેહવાલ ૨૧-૧૩, ૧૭-૨૧, ૨૦-૨૨થી હાર ગઈ હતી. ગયા સપ્તાહમાં જ ઈન્ડિયા ઓપન સીરીઝનો તાજ જીતનાર સાયના

મુશ્કેલીમાં નજરે પડી હતી. સાયના નેહવાલની ચીનની આ ખેલાડી સામે ૧૧માંથી માત્ર બેમાં જ જીત થઈ છે જ્યારે નવ મેચોમાં તેની હાર થઈ છે. સાયનાએ ૨૦૧૦માં આ ખેલાડી સામે સિંગાપોર ઓપન અને ૨૦૧૨માં ઈન્ડિયન એશિયન ઓપનમાં હાર સામનો કર્યો હતો. ફાઈનલ મેચમાં હવે લી જુઈરેઈની ટક્કર સ્પેનની વિશ્વ ચેમ્પિયન અને છઠ્ઠી ક્રમાંકિત ખેલાડી કેરોલિના મારિન સાથે થશે. કેરોલિનાએ અન્ય એક મેચમાં ચીનની બીજી ક્રમાંકિત ખેલાડી સિજીયાન વેંગ ઉપર ૨૧-૧૭, ૨૪-૨૨થી જીત મેળવી હતી. આ અગાઉ શુક્રવારના દિવસે સાયના નેહવાલની સંઘર્ષપૂર્ણ જીત થઈ હતી. આજે રમાયેલી મેચમાં તે જીતનો સિલસિલો જારી રાખી શકી ન હતી અને ટુર્નામેન્ટમાંથી ફેંકાઈ ગઈ હતી. આજે હાર થતાં તે હવે પ્રથમ ક્રમાંકિત ખેલાડી તરીકે પણ આઉટ થઈ ગઈ છે. સાયના નેહવાલની હાર થતાં ભારતીય ચાહકોને નિરાશા હાથ લાગી હતી.

યુદ્ધગ્રસ્ત યમનમાંથી વધુ ૬૬૪ ભારતીય પહોંચ્યા

નવી દિલ્હી,તા. ૪

યુદ્ધગ્રસ્ત યમનમાં ફસાયેલા ભારતીય લોકોને સુરક્ષિતરીતે ખસેડવા માટેનુ ઓપરેશન યુદ્ધના ધોરણે જારી રહ્યું છે. વહેલી પરોઢે ત્રણ વિમાન મારફતે વધુ ૬૬૪ ભારતીય લોકો આજે પરત ફર્યા હતા. બે વિમાનમાં રહેલા ૩૩૪ લોકો મુંબઈમાં અને અન્ય એક વિમાનમાં રહેલા ૩૩૦ લોકો કોચી પહોંચ્યા હતા. ભારે ભાવનાશીલ દ્રષ્યો વિમાનીમથકે જોવા મળ્યા હતા. આઈએએફના બે વિમાનમાં આવેલા લોકો મુંબઈ પહોંચ્યા હતા. યમનમાંથી ભારતીય લોકો વહેલી પરોઢે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ પહોંચ્યા હતા. જ્યાં કેરળના પ્રધાન કેસી કેસી જોસેફે તેમનુ સ્વાગત કર્યું હતુ. ભારતીય નાગરિકોમાં નર્સ અને વર્કરો સામેલ છે. ભારતીયોને સુરક્ષિત રીતે ખસેડવા માટેનુ ઓપરેશન જારી રહે તેવી શક્યતા છે. અત્રે ઉલ્લેખનીય છે કે યમનમાં ફસાયેલા ભારતીયોને સુરક્ષિતરીતે ખસેડી લેવા માટે મોટા પાયે સ્થળાંતર ઓપરેશન જારી રહ્યુ છે. ગરૂવારે ૩૫૮ ભારતીય લોકોને લવાયા બાદ શુક્રવારે યમનમાંથી બીજા ૩૦૬ ભારતીય લોકો રવાના થયા હતા. તેમના માટે તમામ વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. ભારતીયોને કોઈ તકલીફ ન થાય તે માટે આયોજન કરવામાં આવ્યું છે.યમનમાં હાલ લડાઈ ચાલી રહી છે. ૨૨મી જાન્યુઆરી બાદથી યમનમાં લડાઈ જારી છે. સાઉદી દ્વારા હવાઈ હુમલા કરવામાં આવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે યમનમાંથી ખસેડવામાં આવેલા ભારતીય નાગરિકોની બે

ટુકડી ગુરૂવારે વહેલી પરોઢે સ્વદેશ પરત ફરતા મોટી રાહત થઈ હતી. તેમના પરિવારના સભ્યોમાં પણ ખુશી અને રાહતનુ મોજુ ફરી વળ્યું હતુ.

અગાઉ ૧૬૮ ભારતીય નાગરિકો સાથેનુ ઈન્ડિયન એરફોર્સનુ વિમાન વહેલી પરોઢે બે વાગે કોચી વિમાનીમથકે ઉતર્યું હતુ. જ્યારે ૧૯૦ યાત્રી સાથેનુ સી-૧૭ ગ્લોબ માસ્ટર વિમાન મુંબઈમાં પહોંચી ગયુ હતુ. વિમાનીમથકે તેમના સગાસંબધી પહોંચ્યા હતા. ભારે ભાવનાશીલ દ્રષ્યો સર્જાયા હતા. યુદ્ધગ્રસ્ત યમનમાં ફસાયેલા ભારતીય લોકોને લઈને મોદી સરકાર ખુબ જ ગંભીર બનેલી છે. ભારતીય લોકોને સુરક્ષિત ખસેડી લેવાના પ્રયાસ યુદ્ધના ધોરણે ચાલી રહ્યા છે. હજુ પણ ૪૦૦૦થી વધારે લોકો ફસાયેલા છે. તેઓ મદદની રાહ જોઈ રહ્યા છે. તેમની મદદ કરવા માટે સરકાર સતત પ્રયાસ કરી રહી છે. કટોકટીનો સામનો કરી રહેલા યમનમાંથી લોકોને ખસેડી લેવાની પ્રક્રિયા ચાલી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યમનમાંથી ભારતીય લોકોને ખસેડી લેવા માટે સાઉદી અરેબિયા પાસેથી મદદની માંગ કરી છે.

બિન ભાજપ શાસિત રાજ્યોમાં ગવર્નર બદલાશે

૯ રાજ્યોમાં ગવર્નર બદલી નાંખવા માટેનો તખ્તો તૈયાર

નવી દિલ્હી,તા. ૪

આગામી સપ્તાહમાં નવ રાજ્યોના રાજ્યપાલોને બદલી દેવામાં આવેતેવી શક્યતા છે. મોદી સરકારે આની તમામ તૈયારી કરી લીધી છે. સુત્રોના જણાવ્યા મુજહ મોદી સરકારે નવા રાજ્યપાલો વ્યાપક વિચારણા કર્યા બાદ અને લાંબા ઈન્તજાર બાદ શોધી કાઢયા છે. આગામી સપ્તાહમાં સત્તાવાર જાહેરાત કરવામાં આવનાર છે. જે રાજ્યોમાં ગવર્નરો બદલી દેવામાં આવનાર છે તેમાં મોટા ભાગના રાજ્યો બિન ભાજપ શાસિત રાજ્યો છે. મોદી સરકાર સત્તામા આવ્યા બાદ હજુ સુધી ૧૧ રાજ્યોમાં ગવર્નર બદલી દેવામાં આવ્યા છે.

સૌથી વધારે ચર્ચા બિહારને લઈને રહી છે. બિહારમાં આ વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. આવી સ્થિતીમાં કેન્દ્ર સરકાર પોતાના કોઈ વિશ્વસનીય વ્યક્તિને મુકવા માંગે છે. નામ પર અંતિમ મંજૂરી વડાપ્રધાન નરેન્દ્ર મોદી આપનાર છે. બિહારના ગવર્નર હાલમાં કેસરીનાથ ત્રિપાઠી પાસે છે. જે મૂળરીતે પશ્ચિમ બંગાળના રાજ્યપાલ છે. આ ઉપરાંત આસામ, મેગાલય, હિમાચલ પ્રદેશ અને મિઝોરમમાં પણ નવા રાજ્યપાલની નિમણૂંક કરવામાં આવનાર છે. પંજાબમાં પણ રાજ્યપાલની જગ્યા ખાલી છે.સુત્રોના જણાવ્યા મુજબ મિઝોરમમાં વારંવાર રાજ્યપાલ બદલી દેવામાં આવે છે. ખોટા સંદેશાને લઈને મોદી ચિંતિત અને સાવદાન છે. આ વિવાદનો મોદી અંત લાવવા ઈચ્છે છે. તેમની સરકાર આવ્યા બાદ હજુ સુધી પાંચ રાજ્યપાલ બદલી દેવામાં આવ્યા છે. આને લઈને મિઝોરમમાં દેખાવો પણ કરવામાં આવ્યા હતા. મોદી હવે એક સ્થાયી રાજ્યપાલની નિમણૂંક કરીને વિવાદનો અંત લાવવા ઈચ્છુક છે.

સેંકડો વાહનોમાં રહેલા હજારો લોકો અટવાયા

જમ્મુ -શ્રીનગર હાઈવે ચોથા દિવસે પણ યથાવત રીતે બંધ

જમ્મુ,તા. ૪

ખુબ ઉપયોગી અને વ્યુહાત્મક જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ આજે શનિવારે ટ્રાફિક માટે સતત ચોથા દિવસે બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જેથી લોકોની તકલીફ

ઓછી થઈ રહી હતી. સેંકડો વાહનોમાં હજારો લોકો જુદી જુદી જગ્યાએ અટવાઈ પડ્યા છે. તેમનામાં હવે નારાજગી પણ દેખાઈ રહી છે. ભેંખડો ધસી પડવાના કેટલાક સ્થળો પર બનાવો બન્યા છે. હવાઈ દળના વિમાનોની વ્યવસ્થા કરવાની વિચારણા હવે કરવામાં આવી રહી છે. અતિ ભારે વરસાદના પરિણામ સ્વરુપે ભેખડો ધસી પડવાના બનાવો બન્યા છે જેના પરિણામ સ્વરુપે આજે સતત ચોથા દિવસે જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગને ટ્રાફિક માટે બંધ રાખવામાં આવ્યો હતો જેના પરિણામ સ્વરુપે ૧૦૦૦થી વધુ કાશ્મીર જતા યાત્રીઓ અટવાઈ પડ્યા છે. સત્તાવાળાઓએ જમ્મુથી શ્રીનગર જવા કોઈને પણ મંજુરી આપી નથી. સાવચેતીના પગલારુપે રાજમાર્ગને બંધ રાખવામાં આવ્યો છે. હાઈવે પર ખુબ જ ખરાબ હાલત થયેલી છે. રાજમાર્ગ ઉપર ત્રણથી ચાર જગ્યાએ ભેખડો ધસી પડવના બનાવો બન્યા છે. બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશનના અધિકારીઓ અને કર્મચારીઓ સેવામાં લાગેલા છે. કાટમાળને દૂર કરવા અને ભેખડોને ખસેડવાના પ્રયાસ ચાલી રહ્યા છે. મોટી સંખ્યામાં વાહનો જમ્મુ, ઉધમપુર, બનીહાલ, રામબાણ, બટોટે, પટણીટોપ ખાતે અટવાઈ પડ્યા છે. વાહનોની લાંબી લાઈનો જોવા મળી રહી છે. આમા સેકડોની સંખ્યામાં લોકો છે. હાઈવે બંધ થતાં ૧૦૦૦થી વધુ કાશ્મીર જતા યાત્રીઓ પણ છેલ્લા ત્રણ દિવસથી જમ્મુ બસ સ્ટેન્ડ ઉપર અટવાઈ પડ્યા છે. સરકાર સામે અટવાયેલા લોકો દ્વારા જોરદાર દેખાવો કરાઈ રહ્યા છે. ૩૦૦ કિલોમીટર લાંબા જમ્મુ-શ્રીનગર હાઈવેને સતત ચોથા દિવસે બંધ રાખવા માટે કેટલાક કારણો રહ્યા છે. ભેખડો ધસી પડવાના બનાવો બન્યા છે. બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશનના કર્મચારીઓ હાઈવે ઉપર લાગેલા છે. રાજમાર્ગને ટુંકમાં ફરી ખોલી દેવામાં આવે તેવી શક્યતા છે. જો કે, હવે રોગચાળાનો ખતરો સર્જાયેલો છે. ૭૦૦-૮૦૦ ટ્રકો જુદી જુદી જગ્યાએ અટવાયેલી છે.

મિયામી ફાઈનલ : જોકોવિક અને મરેની વચ્ચે આજે જંગ

મિયામી,તા. ૪

પ્રથમ ક્રમાંકિત ખેલાડી નોવાક જોકોવિક આવતીકાલે મિયામી ઓપનની ફાઈનલમાં બ્રિટનના સ્ટાર ખેલાડી એન્ડી મરે સામે ટકરાશે. આ મેચ ખુબ જ રોમાંચક બને તેવી શક્યતા દેખાઈ રહી છે. ત્રીજા ક્રમાંકિત એન્ડી મરેએ સેમિફાઈનલ મેચમાં ચેકગણરાજ્યના થોમસ બર્ડિક પર સીધા સેટોમાં ૬-૪,

૬-૪થી જીત મેળવી હતી. જ્યારે બીજી સેમિફાઈનલ મેચમાં જોકોવિકે અમેરિકન સ્ટાર જ્હોન ઈસનર ઉપર જીત મેળવી હતી. બંને ખેલાડીઓ શાનદાર ફોર્મમાં દેખાઈ રહ્યા છે. બંને ખેલાડીઓ વચ્ચે હેડ ટુ હેડ મેચોની વાત કરવામાં આવે તો બંનેનો શાનદાર દેખાવ રહ્યો છે. ચાર વખતના મિયામી ચેમ્પિયને ટાઈ બ્રેકમાં જીત મેળવી હતી. બીજી બાજુ અમેરિકન ખેલાડીએ પણ આકર્ષક રમત રમી હતી પરંતુ જોકોવિક સામે તે ટકી શક્યો ન હતો. બીજી બાજુ એન્ડી મરેએ પોતાની મેચ સરળતાથી જીતી લીધી હતી. સ્કોટિસ ખેલાડી એન્ડી મરે મિયામીમાં અગાઉ ચેમ્પિયન બની ચુક્યો છે. તે ૨૦૦૯ અને ૨૦૧૩માં ચેમ્પિયન બન્યો હતો જ્યારે ૨૦૧૨ની ફાઈનલમાં જોકોવિક સામે તેની હાર થઈ હતી. જોકોવિક અને એન્ડી મરે વચ્ચેની મેચ જોવા માટે મિયામી ફાઈનલમાં મોટી સંખ્યામાં ટેનિસ ચાહકો પહોંચે તેવી શક્યતા છે. ચાર વખતના ચેમ્પિયન જોકોવિક અને બે વખતના ચેમ્પિયન એન્ડી મરે વચ્ચે રમાનારી આ મેચમાં હાઈક્લાસ ટેનિસ રમત જોવા મળે તેમ માનવામાં આવે છે. બંને ખેલાડીઓએ તીવ્ર ગરમીની સ્થિતિ વચ્ચે આજે જોરદાર પ્રેક્ટિસ કરી હતી. અલબત્ત જોકોવિકને ફેવરિટ તરીકે ગણવામાં આવે છે.

તેલંગાણા : અથડામણમાં સિમીના બે શખ્સો ફૂંકાયા

હૈદરાબાદ,તા. ૪

તેલંગાણા રાજ્યના નલગુંડા જિલ્લામાં એક ભીષણ અથડામણમાં બે સિમીના ત્રાસવાદીઓ માર્યા ગયા છે. આ અથડામણમાં એક પોલીસ જવાનનું પણ મોત થયું છે. અથડામણમાં ઘાયલ થયેલા અન્ય એક સર્કલ ઈન્સ્પેક્ટર અને સબઈન્સ્પેક્ટરને સારવાર માટે હૈદરાબાદની હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. સબઈન્સ્પેક્ટરની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. ઘટના સ્થળેથી બે પિસ્તોલ કબજે કરવામાં આવી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ અન્ય બે સીમીના શખ્સો ફરાર થઈ ગયા છે જેમને શોધી કાઢવા માટેનું ઓપરેશન ચાલી રહ્યું છે. બાતમી મળ્યા બાદ પોલીસ ટુકડી જાનકીપુર ગામમાં પહોંચી હતી અને સમગ્ર ઓપરેશનને પાર પાડ્યું હતું. તેલંગાણા રાજ્યમાં પણ હાલ સિમીના શખ્સો સક્રિય હોવા અંગેની માહિતી મળી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુરૂવારના દિવસે સવારે વિજયવાડાથી હૈદરાબાદ જઈ રહેલી બસને રોકીને તેમાં તપાસ કરવામાં આવતા શોધખોળ હાથ ધરાઈ હતી.

સમાચાર ઝલક

- **ગુજરાતમાં સટ્ટા કૌભાંડમાં પોલીસ અધિકારીઓની ભૂમિકા પણ શંકાના દાયરામાં.**
- **ફોર જી સેવા માટે ગુજરાત શ્રેષ્ઠ રાજ્ય હોવાની ચર્ચા. ટુંક સમયમાં સેવા શરૂ થશે.**
- **પોરબંદરમાં ૧૧ મુખવાળા હનુમાનજીનું અનોખું મંદિર.**
- **અમરેલીમાં જૈન પરિવારનો ૧૦ વર્ષીય એક માત્ર પુત્ર દીક્ષા લેશે.**
- **અંબાજી, ચોટીલા, બહુચરાજીમાં પદયાત્રીઓનો પ્રવાહ ઉમટયો.**
- **ગુજરાતમાં સાગરકાંઠે કાચબાનું અસ્તિત્વ જોખમમાં. રેતીચોરીથી હજારો કાચબાઓનો નાશ થયો.**
- **નવા વર્ષમાં પબ્લિક ઈશ્યુઓની વણઝાર આવશે.**
- **લુધિયાણામાં ૬ વર્ષના ટાબરિયાએ સાપનું ઝેર ચુસીને ૧૭૫ લોકોના જીવ બચાવ્યા.**
- **એક લાખથી વધુ લેવડ દેવડના વ્યવહારોમાં પાન કાર્ડ ફરજીયાત બનશે.**
- **ભારતમાં પોલિસદળમાં 33 ટકા મહિલા અનામતની તૈયારી.**
- **સિગારેટ પ્રત્યે લોકોનો મોહ ઘટતો જાય છે.**
- **૨૦૫૦માં વિશ્વમાં હિન્દુ વસ્તી ત્રીજા ક્રમે રહેશે. ભારતમાં સૌથી વધુ મુસલમાનનો દેશ બનશે.**
- **અમદાવાદ કેમ્પના હનુમાન ખાતે 300 કિલો કેક કાપી હનુમાનજયંતિની ઉજવણી કરાઈ.**